# આજે જળ દિવસ : સ્વચ્છ અને યોગ્ય પાણી પુરવઠા માટે સંકલ્પબદ્ધ થઈએ

## એક તબક્કે ગાંધીનગરનું પાણી પણ પીવાલાયક જણાયુ ન હતુ

**સાબરમતી નદી કે જિલ્લાની એક પણ નદી આ ચોમાસામાં રિચાર્જ થઈ નથી : જિલ્લો ઓવર એક્સપ્લોઈટેશન કેડરમાં છે ત્યારે વહીવટી તંત્રની જવાબદારી વધી છે**

ગાંધીનગર, તા. ૨૧

આજે વિશ્વ જળ દિવસ છે. ગાંધીનગર શહેરને હાલ તો નર્મદાનું પાણી પાઈપલાઈનથી લાવી પુરૂ પાડવામાં આવે છે. ૬૦ એમ.એલ.ડી. પાણીનો વપરાશ ગાંધીનગર શહેર કરી રહેલ છે.

સુજલામ-સુફલામ-૫ ના તાજેતરમાં કરાયેલ પ્રારંભવેળાએ ગાંધીનગરને લઈ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે કરેલી વાત આજે જળ દિવસના પરિપ્રેક્ષમાં છે.

**સમયસર**

તેમણે તેમના પ્રવચનમાં કહ્યુ હતુ કે સંત સરોવર નિર્માણ થયા પછી વધુ વરસાદ થતાં આખો ડેમ ધોવાઈ ગયો હતો. ત્યારબાદ હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ ફરી સંત સરોવરનું નિર્માણ કર્યુ અને તેને ગેટ મુકવા જેથી પાણી વધારે આવે તો ગેટ ખોલી તેનો નિકાલ થઈ શકે.

સંત સરોવર બનાવ્યુ પહેલા ગાંધીનગર શહેરમાં બોર મારફત પાણી પુરવઠો અપાતો હતો અને તેની ચકાસણી કરતાં માલુમ પડ્યુ કે તે પાણી પીવાલાયક નથી. ક્ષાર વધુ પ્રમાણમાં હતો.

તાત્કાલિક ગાંધીનગરને નર્મદાનું પાણી પાઈપલાઈનથી પુરૂ પાડવાનો નિર્ણય લેવાયો હતો. હાલ ગાંધીનગરમાં પાણીનો પુરવઠો નર્મદાનું પાણી અને બોરનું પાણી મિશ્રિત કરી આપવામાં આવે છે.

ગાંધીનગરની પેયજળની સમસ્યાનો હલ નથી આવ્યો એ વાત કહેવી છે. ગાંધીનગરમાં નર્મદાનું પાણી ફિલ્ટર કરી ગાંધીનગર પહોંચાડવામાં આવે છે. આ ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતા અને હાલ ગાંધીનગરની માંગ આ બન્ને વચ્ચે અંતર છે.

શહેરના તત્કાલીન મેયર પ્રવિણ પટેલે ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતા વધારવા માટે સરકારમાં રજુઆતો કરી હતી અને પત્રો લખ્યા હતા. પરંતુ હજુ આ ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતામાં વધારો કરાયો કે નહિ તે અંગે તંત્ર મૌન સેવી રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લો એ ભૂતળના જળ ખેંચવામાં ઓવર એક્સપ્લોયટેશન કેટેગરીમાં આવે છે. અહિ જિલ્લામાં સિંચાઈની સુવિધાઓ પણ પુરતી નથી. ઉનાળુ ખેતી ૩૦ ટકા વિસ્તારમાં જ થાય છે. જિલ્લામાં આજે પણ ૬૦ જેટલા ગામો નર્મદાનું પાણી લેતા નથી.

જિલ્લામાં ૧૦૦ થી વધુ ગામોમાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ છે ત્યારે આજે જળ દિવસે જિલ્લાને સ્વચ્છ અને યોગ્ય પેયજળનો પુરવઠો આપવા તંત્ર સંકલ્પબદ્ધ બને તે એટલુ જ આવશ્યક છે.

જિલ્લામાં અનિયમિત ચોમાસુ પણ સતત રહે છે. ગત વર્ષે ૨૧ ટકા વરસાદની ઘટ રહી છે અને ભૂતળના તળ ઉંડા ગયા છે. સંત સરોવર કે જિલ્લાની એક પણ નદી રિચાર્જ થઈ નથી ત્યારે તંત્ર સંવેદનશીલ બની યોગ્ય નિર્ણય કરે તેવી સૌ જિલ્લાવાસીઓની લાગણી અને માંગણી છે. વરસાદી પાણીના સંગ્રહની ક્ષમતામાં વૃદ્ધિ થાય તે માટે પણ અસરકારક કામગીરી થાય અને સાબરમતી નદીના શુદ્ધિકરણ માટે સ્વ. અમરસિંહ ચૌધરીના શાસનમાં લેવાયેલ નિર્ણયની અમલવારી અસરકારક થાય તે જરૂરી છે.




જમાવટ - સંસ્કૃતિ કુંજમાં રોજેરોજ અલગ-અલગ પ્રદેશોની નૃત્યશૈલી માણવાનો લ્હાવો ગાંધીનગરના કલાપ્રેમીઓને મળે છે... જ્યારે રવિવારે સાંજે ગુજરાતની અસ્મિતા સમા રાસ-ગરબાની રમઝટ માણવા મળી હતી... જેમાં સૌરાષ્ટ્રની સૌર્યતાના દર્શન કરાવતો રાસ સૌને ડોલાવી ગયો હતો... જ્યારે ગુજરાતની ઓળખસમો ગરબો ગાંધીનગરના કલાકારો દ્વારા રજૂ થયો ત્યારે સંસ્કૃતિ કુંજ તાલીઓની ગુંજારવથી ગુંજી ઉઠ્યું હતું....

# ગ- ૪ અન્ડર પાસના નિર્માણનુ કામ હજુ પણ મંદ ગતિએ

**ગ- ૪ પાસે અન્ડર પાસ બનાવાનુ કામ નિયત સમયે પુર્ણ ન થતા એજન્સીને ૨૦ ટકા ભાવ વધારો આપવો પડે તેવી નોબત : નગરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસની ગુણવત્તા વગરની કામગીરીનો આક્રોશ હજુ નાગરિકોમાં પ્રબળ છે ત્યારે વાઈબ્રન્ટ પુર્વે કામ પુર્ણ કરવાની આયોજન પણ ગોથે ચઢયુ છે : નાગરિકોને હાલાકી**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરને સોહામણુ બનાવવા માટે સ્માર્ટ સીટી અન્વયે હાથ ધરાયેલા પ્રોજેકટમાં વારંવાર ગુણવત્તાના નામે અનેકવાર સવાલો મંડરાય છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરાયો છે. જયારે ગ માર્ગ પર અન્ડર પાસ પર અન્ડર પાસના નિર્માણનુ કામ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. નિયત સમયમાં કામ પુર્ણ ન થતા હવે સિમેન્ટ ડામર, લોખંડના ભાવવધારાના લીધે અન્ડર પાસ માટે અંદાજિત ૨૦ ટકાનો ભાવ વધારો આપવાની નોબત આવી છે. જયારે ગ માર્ગને સિકસલેન બનાવાની યોજનાનુ કામ પણ ઠપ્પ થઈ ગયુ છે. જેના લીધે નગરજનો બદલાયેલા ટ્રાફિક સિનારીયાથી લાંબા સમયથી ત્રાહીમામ હોવાનો રોષ પણ ઠાલવી રહ્યા છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ગ માર્ગને સિકલલેન કરવાની સાથે ગ -૪ પાસે અન્ડર પાસ બનાવાવની યોજના અન્વયે કામ હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ છેલ્લા દોઢ વર્ષથી આ કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. જયારે છેલ્લા ઘણાં સમયથી ગ માર્ગના વાઈડનીંગનુ કામ બંધ છે ત્યારે અન્ડર પાસના નિર્માણની યોજના પણ મરણપથારીએ હોય તેવી સ્થિતિ છે. નગરના ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવામાં આવ્યા બાદ શહેરના ગ માર્ગ પર પણ અન્ડર પાસ તૈયાર કરવા માટે કામ શરૂ કરાયુ હતુ આ ઉપરાંત શહેરના બાકી રહેતા ગ માર્ગને પણ સિક્સલેન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આ આખો પ્રોજેકટ જાણે ડેડ હાલતમાં હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ગ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરી ગ-૪ થી વિધાનસભા સુધી સ્થિત સ્વર્ણિમ પાર્કનુ સળંગ વિઝન મળે તે મુજબની યોજના આખરી કરવામાં આવી છે ત્યારે ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરીમાં પણ ગુણવત્તાના નામે મીંડુ ચિતરાયા બાદ હાલ ગ માર્ગ પર પણ કામ આગળ ચાલતુ નથી ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરાયા બાદ તુરંત જ વરસાદી સંજોગોમાં સ્વીમીંગ પુલ જેવા દ્રશ્યો સર્જાયા હતા જયારે અન્ડર પાસને અનુલક્ષી મુકવામાં આવેલી ગ્રીલ પણ દર બે દિવસે ઉંચી નીચી થતા વાહનચાલકોની સલામતી પણ જોખમાઈ હોવાનો સુર અને કામગીરી સામે જન આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે હવે ગ માર્ગ પર તૈયાર થતા અન્ડર પાસની કામગીરી પણ ઘણાં સમયથી મંદ ગતિએ ચાલી રહી છે. અગાઉ આ અન્ડર પાસ વાઈબ્રન્ટ પુર્વે તૈયાર કરી દેવા માટે આયોજન કરાયુ હતુ પરંતુ કોર્પોરેશનના નબળા આયોજન અને મીલીભગતની નિતીના લીધે અન્ડર પાસની કામગીરી સામે પણ અનેક સવાલો મંડરાયા છે. જયારે હવે સિમેન્ટ લોખંડ સહીતની ચીજવસ્તુઓના ભાવમાં પણ તોતિંગ વધારો થયો છે. ત્યારે નિયત સમયમાં કામ પુર્ણ ન થતા આ પ્રોજેકટ સિમેન્ટ અને લોખંડના ભાવવધારા થી પ્રભાવિત છે. જયારે હાલ આ માટે જવાબદાર તંત્ર અને એજન્સીની મિલી ભગતના લીધે ૨૦ ટકાનો વધારો આપવાની નોબત આવી છે. આ બન્ને ઠેકાણે અન્ડર પાસ તૈયાર કરાયા બાદ સ્વર્ણિમ પાર્કને પણ સળંગ બનાવવા માટેની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. પરંતુ સમયસર કામ પુર્ણ ન થતા નાગરિકો પણ લાંબા સમયથી હાલાકી ભોગવી રહ્યા છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૮૦ કરોડનો ખર્ચ નિયત કરાયો હતો. પરંતુ સ્માર્ટ સીટી અન્વયે હાથ ધરાયેલી આ કાર્યયોજના હજુ પણ કંગાળ હાલતમાં તંત્રના સ્માર્ટ મિજાજનો પરચો આપી રહી છે.

# ગરમીમાં આગામી ચાર દિવસ થોડી રાહત રહેશે

**ત્યારબાદ ગરમીનો નવો રાઉન્ડ શરૂ થશે અને ૧૫મી એપ્રિલ સુધીમાં મહત્તમ તાપમાન ૪૫-૪૬ ડિગ્રી પહોંચવાનું અનુમાન છે**

ગાંધીનગર, તા. ૨૧

ગરમીનો એક આકરો રાઉન્ડ આવ્યા બાદ હાલમાં ગરમીમાં થોડીક રાહત મળી છે. આગામી ચાર દિવસ ગરમીમાં થોડીક રાહત રહેશે.

માર્ચ મહિનાના બીજા પખવાડિયામાં આકરી ગરમી પડવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી ઉંચે જતુ રહ્યુ છે. કેટલાક શહેરોમાં તો તાપમાન ૪૧-૪૨ ડિગ્રી સુધી પહોંચી જતાં આકરી ગરમી અનુભવાઈ હતી. હીટવેવની અસર ઘણાખરા સ્થળોએ જોવા મળી હતી. જોકે હીટવેવની અસર હાલમાં થોડીક ઓછી થયેલી જોવા મળી રહી છે. એક-બે દિવસથી ગરમીમાં રાહત હોય તેવુ લાગી રહ્યુ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૪ દિવસ ગરમીમાં રાહત રહેશે. મહત્તમ તાપમાનમાં થોડોક ઘટાડો નોંધાશે. આજે ગાંધીનગરમાં રાજ્યનું સૌથી વધુ તાપમાન નોંધાયુ હતુ. મહત્તમ તાપમાન ૩૯.૨ ડિ.સે. રહ્યુ હતુ.

આગામી ચાર દિવસ ગરમીમાં આવી જ રાહત અનુભવાશે. ત્યારબાદ પુનઃ ગરમી તેની રફતાર પકડશે. ગરમીમાં ધીમે ધીમે વધારો થશે અને આગામી ૧૫મી એપ્રિલ સુધી મહત્તમ તાપમાન ૪૫-૪૬ ડિ.સે. સુધી પહોંચવાની સંભાવનાઓ છે. આકરા હીટવેવ માટે સૌએ તૈયાર રહેવુ પડશે.

આ વર્ષે માર્ચના બીજા સપ્તાહથી જ ગરમીના દિવસો શરૂ થયા છે. અને હવામાન વિભાગની આગાહી મુજબ એપ્રીલ અને મે મહિનામાં વિક્રમજનક ગરમી ગુજરાતમાં અનુભવાશે. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ૧૦મી એપ્રીલ બાદ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીથી ઉપર જશે. જ્યારે મે મહિનાના ચોથા સપ્તાહથી પવન, આંધી અને વાવાઝોડાના પગલે ઉનાળાના વિદાયના દિવસો શરૂ થશે.

# જીઈબી કોલોનીમાં કોરોનાનો એક કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાયો છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં સતત ચોથા દિવસે એક પણ કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં આજે જીઈબી કોલોનીમાંથી એક કેસ મળેલ છે. ૪૨ વર્ષીય પુરૂષ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગાંધીનગર શહેરમાં આજે વધુ એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સહિત ૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં કોરોનાના એક્ટીવ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા જણાવ્યુ છે. શહેરમાં કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને રિકવરી રેટ ૯૭ ટકાએ પહોંચ્યો હોવાનો તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે.

# શહેરમાં ગરમીના દિવસોમાં પ્રતિદિન ૬૫ એમએલડી પાણીનો સપ્લાય

**ગરમીના દિવસોમાં સપ્લાય વધારી દેવાયો : શહેરમાં ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધતા સેકટરોમાં છાશવારે ફરિયાદો ઉઠતી રહે છે પરંતુ સમગ્ર દેશમાં સૌથી વધુ ગાંધીનગરમાં માથાદીઠ પાણીનો વપરાશ થાય છે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધ્યો છે. જયારે આકરી ગરમીને અનુલક્ષી તંત્ર દ્વારા પણ સેકટરોમાં પાણીની પોકાર ન ઉઠવા પામે તે માટે પ્રતિદિન ૬૫ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જો કે દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ ગાંધીનગરાઓ કરે છે.

જયારે નગરના રહેણાંક વિસ્તાર સહીત સરકારી કચેરીઓમાં પાણીનો બગાડ પણ વિશેષ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નવી લાઈન નાંખવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે આગામી વર્ષોમાં સેકટરોમાં વધુ ફોર્સથી પાણી સપ્લાય થશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસો શરૂ થતા પાણીનો વપરાશ વધ્યો છે. એક સર્વે મુજબ સમગ્ર દેશમાં ગાંધીનગરાઓ સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે ઉનાળાની ગરમીમાં પાણીનો ઉપયોગ વધતા તંત્ર દ્વારા પણ હાલ પાણીનો સપ્લાય વધારીને પ્રતિદિન ૬૫ એમ એલ ડી કરી દેવાયો છે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અન્વયે છેલ્લા દોઢ દાયકાથી નગરના નવા અને જુના સેકટરોમાં કોમન સપ્લાય આપવામાં આવી રહ્યો છે. જયારે હાલ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી પાઈપલાઈન નાંખવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જેના અંતે આગામી દિવસોમાં શહેરના સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરાશે જો કે આ માટે મીટર પધ્ધતિનો પણ અમલ કરાશે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે શિયાળાની સાપેક્ષમાં ગરમીના દિવસોમાં સપ્લાય વધારી દેવામાં આવે છે. હાલ ગરમીના દિવસોમાં સેકટરોમાં પાણીનો વપરાશ વધુ થાય છે જેના લીધે તંત્ર દ્વારા પ્રતિદિન ૬૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. નર્મદાના પાણી ઉપરાંત સેકટરોના બોર આધારિત પણ પાણી વિતરણ વ્યવસ્થા વધુ અસરકારક રીતે થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધવાની સાથે પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. નગરના રહેણાંક વિસ્તાર સહીત સરકારી કચેરીઓમાં પણ પાણીનો બગાડ થતો હોવાના દ્રશ્યો વારંવાર જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે પાણીનો બગાડ અટકાવવા માટે પણ નાગરિકોએ જાગૃત થવાની અનિવાર્યતા છે. દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ થતો હોવાનુ સ્પષ્ટ થયા બાદ પણ સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. જો કે પાણીની સમસ્યા પાછળ ટોપોગ્રાફી તેમજ જુની પુરાની લાઈન પણ જવાબદાર હોવાનુ માનવામાં આવી રહ્યુ છે. ગરમીના દિવસોમાં અગાઉ ગ્રામ્ય વિસ્તારમાં પણ પાણીના મામલે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૧,૬૫૬ હક્ક પત્રકોની નોંધોનો નિકાલ બાકી છે

**જિલ્લામાં ૩૫ અરજીઓ રાહતદરે જમીન મેળવવા માટે તંત્રને મળી છે : ગામતળ નીમ કરવા માટે દહેગામમાંથી ૧૩ અને કલોલમાંથી એક દરખાસ્ત મળી છે : દરખાસ્તો અધુરી હોવાથી સ્થળ ચકાસણી માટે પરત મોકલવામાં આવી છે**

● **હક્કપત્રક નોંધોનો બાકી નિકાલ**

સાબરમતીના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધોના બાકી નિકાલ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૧૧,૬૫૬ હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ છે કે છેલ્લા એક વર્ષમાં ૬૮,૭૮૦ નોંધ પાડવામાં આવી હતી. જે પૈકી ૫૪,૮૭૩ નોંધો મંજૂર છે જ્યારે ૨૨૫૧ નોંધ નામંજૂર થઈ છે.

નામંજૂરીના કારણો અંગેના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ઓનલાઈન વારસાઈમાં પેઢીનામુ, સોગંદનામુ, તથા મરણના દાખલા વિગેરે પુરાવા રજુ થયેલ ન હોવાથી, (૨) વેચાણના કિસ્સામાં વેચાણ આપનારનું નામ કબજેદાર તરીકે ચાલતુ ન હોવાથી, (૩) વેચાણના કિસ્સામાં ખેડૂત ખાતેદારના પુરાવા રજુ કરેલ ન હોવાથી (૪) વહેંચણીના કિસ્સામાં બોજો નોંધાયેલો હોવાથી આ નોંધો ના મંજૂર થઈ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

● **ગાંધીનગર જિલ્લામાં પાંજરાપોળને સહાય**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં પાંજરાપોળોને અપાયેલ સહાય અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૌસંવર્ધનમંત્રીએ જણાવ્યુ છે કે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવ મુજબ ૭ મહિના (દિન-૨૧૪) માટે રૂ. ૨૫ લેખે પ્રતિદિન પ્રતિ પશુ દીઠ સહાય ચુકવવામાં આવેલ છે.

સભ્યના પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લાની પાંચ પાંજરાપોળોને ૧-૨-૨૦થી ૩૧-૧-૨૧ સુધીમાં રૂ. ૨,૮૮,૦૬,૬૯૬ ની સહાય ચુકવવામાં આવી છે.

૧-૨-૨૦૨૧ થી ૩૧-૧-૨૨ દરમ્યાન આ પાંચ સંસ્થાઓને રૂ. ૧,૭૭,૮૮,૬૭૨ની સહાય ચુકવવામાં આવી છે.

● **ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં નથી. તેથી રકમ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

● **ગામતળ નીમ કરવાની દરખાસ્ત**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે દહેગામ તાલુકામાંથી ૧૩ અને કલોલમાંથી એક ગામની દરખાસ્ત મળી છે.

ગાંધીનગર અને માણસા તાલુકામાંથી આ અંગે કોઈ દરખાસ્ત મળેલ નથી.

મંત્રીએ જણાવ્યુ છે કે ઉક્ત સ્થિતિએ રેકર્ડ સ્થળ સ્થિતિની ચકાસણી તથા અધૂરી દરખાસ્તો પૂર્તતા માટે તાલુકા વિકાસ અધિકારીને પરત કરેલ હોવાના કારણોસર પડતર હોવાથી એક પણ દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ નથી.

તેમણે જણાવ્યુ છે કે પડતર દરખાસ્તોનો નિયમાનુસાર કાર્યવાહી અનુસરીને નિકાલ કરવામાં આવશે.

● **અને છેલ્લે...**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં રાહતદરે જમીન મેળવવા ૩૧-૧-૨૨ની સ્થિતિએ કેટલી અરજીઓ મળી તેવા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૫ અરજીઓ તંત્રને મળી છે.


પવિત્ર શ્રાવણ માસમાં સર્વે પીતૃ મોક્ષ અર્થે
શ્રીમદ્ ભાગવત કથા
ચાલો...ચાલો...ચાલો...
હરિદ્વાર સુંદરધામ પરિવાર દ્વારા આયોજીત
યાત્રા પ્રા.તા.૧૩-૦૮-૨૨ થી ૨૧-૦૮-૨૨ (૯-દિવસ)



શ્રી ભારતીબાપુ
યાત્રા રેલ્વે દ્વારા રહેવા જમવાની તમામ વ્યવસ્થા ખર્ચ : રૂ.૫૫૦૦/- છે
સાત દિવસ AC રૂમ સાથે રૂ.૬૫૦૦/- છે
3/AC ટિકિટના અલગ ચાર્જ રહેશે.
યાત્રામાં જોડાવવા ફોર્મ ભરી રૂ.૧૫૦૦/- આપી નામ નોંધાવી લેવું.
ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૦૫-૦૪-૨૨ છે.
"સુંદરધામ" શ્રી હનુમાનજી મંદિર, રાંધેજા.
સંપર્ક : 8141217050, 9428595741, 9737067168

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com